For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શહેર ભાજપને મહિનાના અંત સુધીમાં નવા ઉપપ્રમુખ, મહામંત્રી અને મંત્રી મળશે

# વડોદરા શહેર ભાજપમાં હોદ્દેદારોની નિમણૂંક માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ

**પ્રદેશ** નિરીક્ષકો માયા કોડનાની અને વિવેક પટેલ હાજર રહ્યા, સાંસદ અને મંત્રી મનીષા વકીલ ગેરહાજર

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેર ભાજપમાં નવા હોદ્દેદારોની નિમણૂંક માટે મંગળવારે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શહેર ભાજપના પ્રમુખની નિમણૂંક થયા બાદ લાંબા સમયથી સંગઠનની રચના બાકી રહી હતી, જે માટે આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મંગળવારે વડોદરા શહેર ભાજપ કાર્યાલય ખાતે સાંજે 5.30 વાગ્યે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, જે મોડીરાત સુધી ચાલુ રહી હતી. આ પ્રક્રિયામાં પ્રદેશ કક્ષાએથી નિરીક્ષક તરીકે પૂર્વ મંત્રી માયા કોડનાની અને પૂર્વ ધારાસભ્ય વિવેક પટેલ ખાસ વડોદરા આવી પહોંચ્યા હતા. શહેર ભાજપના નવા ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી તેમજ વિવિધ મોરચાના પ્રમુખોની વરણી માટે આ બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેરના સાંસદ, પાંચ ધારાસભ્યો, ત્રણ પૂર્વ મંત્રીઓ, મેયર અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહેવાના હતા. જો કે સાંસદ હેમાંગ જોશી અને મંત્રી મનીષા વકીલ આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. ભાજપ સંગઠનમાં હોદ્દા મેળવવા માટે અનેક આગેવાનોમાં ઉત્સુકતા જોવા મળી હતી. કેટલાય આગેવાનો પોતાના નામ આગળ વધે તે માટે લોબિંગ કરતા જોવા મળ્યા હતા. પ્રદેશ કક્ષાએથી આવેલા માયા કોડનાની અને વિવેક પટેલે શહેર ભાજપના અગ્રણીઓ અને અપેક્ષિત હોદ્દેદારો સાથે ચર્ચા કરી હતી. વિવિધ હોદ્દાઓ માટેના નામો પર ચર્ચા કર્યા બાદ આખરી રિપોર્ટ તૈયાર કરી પ્રદેશ નેતૃત્વ સમક્ષ મોકલવામાં આવશે.

પ્રદેશ ભાજપ દ્વારા અંતિમ મંજૂરી મળ્યા બાદ વડોદરા શહેર ભાજપના નવા ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી અને મોરચા પ્રમુખોની નિમણુંક જાહેર કરવામાં આવશે. લાંબા સમયથી સંગઠનની રચના બાકી હોવાથી, આ પ્રક્રિયા પૂર્ણ થતાં વડોદરા શહેર ભાજપની સંગઠનાત્મક રચના પૂર્ણ થશે એવી અપેક્ષા છે.



### જિલ્લા ભાજપ માટે પ્રદેશ નિરીક્ષક તરીકે પૂર્વ મંત્રી ગણપત વસાવા અને ધારાસભ્ય મનન દાણીએ સેન્સ લીધા

પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની નિમણૂક પૂર્વે જ વડોદરા શહેર અને જિલ્લાના પ્રમુખોની નિમણૂક થઈ ગઈ હતી. જોકે, પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત બાકી હોવાને કારણે સ્થાનિક સ્તરે મહામંત્રી, ઉપપ્રમુખ, અને કાર્યાલય મંત્રીની નિમણૂકનો મામલો અટવાયો હતો. હવે પ્રદેશ પ્રમુખની નિમણૂક થઈ ગઈ હોવાથી, પક્ષે સ્થાનિક હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયાને આગળ ધપાવી હતી. પ્રદેશ નિરીક્ષક તરીકે પૂર્વ મંત્રી ગણપત વસાવા અને ધારાસભ્ય મનન દાણી આજે જિલ્લા કાર્યાલય ખાતે આવ્યા છે.



### સમયસર સારવાર ન આપી કંપનીવાળાએ મારા પિતાનું મર્ડર કર્યું છેઃ દીકરીનો આક્ષેપ

# મંજુસરની કંપનીમાં ચક્કર આવ્યા બાદ એટેકથી શાહ ટ્રાવેલ્સના ડ્રાઈવરનું મોત

**કંપની** સંચાલકોએ કોઈ મદદ ન કરતા મૃતકના પરિવારના સભ્યોએ ન્યાય માટે પોલીસ અધિક્ષકને રજૂઆત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

મંજુસર ખાતે આવેલી કંપનીમાં શાહ ટ્રાવેલ્સ ના ડ્રાઈવરનું ચક્કર આવ્યા બાદ હૃદય રોગના હુમલાના કારણે મોત નીપજ્યું છે. છેલ્લા પંદર દીવસથી મૃતકના પરિવારના સભ્યો ધક્કા ખાઈ રહ્યા છે. પરંતુ કંપની સંચાલકોના પેટનું પાણી હાલતું નથી. જેથી પરિવાર રોષે ભરાયો છે અને તેમની દીકરી એ તો સમયસર સારવાર ન આપી કંપનીએ મારા પિતાનું મર્ડર કર્યું છે, તેવો આક્ષેપ કર્યો છે. આંખરે પરિવાર વડોદરા પોલીસ અધીક્ષકની કચેરીએ રજૂઆત કરવા માટે પહોંચ્યો હતો અને કંપનીના જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

વડોદરા શહેર નજીક આવેલા મંજુસર ખાતે આવેલી એબીપી ઈન્ડક્શન કંપનીમાં શાહ ટ્રાવેલ્સના ડ્રાઈવર જયદીપ ચિરંજીલાલ ગોઠવાલને એકાએક ચક્કર આવ્યા હતા. ત્યારબાદ હૃદય રોગનો હુમલો થતા શાહ ટ્રાવેલ્સના ડ્રાઈવરનું મોત થયું હતું. જેના સંતાનો સહિતના પરિવારના સભ્યોએ ભારે આક્રંદ મચાવ્યો હતો. મૃતકના પરિવારના સભ્યો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવતી હતી. પરંતુ ઘટનાના સવા મહિના બાદ પણ પરિવારને કોઈ મદદ ન મળતા પરિવાર વડોદરા પોલીસ અધીક્ષકની કચેરીએ રજૂઆત કરવા માટે પહોંચ્યો હતો અને કંપનીના જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામા આવી હતી.



ત્યારે ઘટનાના cctv બહાર આવ્યા બાદ કંપનીના જેમાં સ્પષ્ટ દેખાય છે કે, જયદીપભાઈ ચાલતા ચાલતા અચાનક પડી જાય છે. ત્યારબાદ કેટલાક લોકો તેમને ઉચકીને રૂમમાં લઈ જતા જોવા મળી રહ્યા છે અને જ્યાં તેમને ચા, પાણી અને ફ્રૂટ આપવામાં આવ્યા હતા. તેમને ચા સફરજન નહીં પણ સારવારની જરૂર હતી, સમયસર સારવાર આપવામાં ન આવતા તેમનું મોત થયું છે. મૃતકના પરિવારજનોએએ આક્ષેપ કર્યો છે. મૃતકના પરિવારજનો છેલ્લા એક મહિનાથી રઝળપાટ કરી રહ્યા છે, પણ તેમને કોઈ મદદ કરવામાં આવતી નથી. મૃતકની દીકરી જીનલ ગોઠવાલે આક્રંદ અને આક્રોશ સાથે જણાવ્યું હતું કે સમયસર સારવાર ન આપીને કંપનીવાળાઓએ મારા પિતાનું મર્ડર જ કર્યું છે. હું અને મારી બહેનો બાપ વગરના થઈ ગયા છીએ. અમારે પપ્પા માટે ન્યાય જોઈએ છે. કંપનીની ભૂલના કારણે અમારે ભોગવવાનો વારો આવ્યો છે અને હવે કંપનીએ હાથ અધ્ધર કરી લીધા હોય કેમ ચાલે. મૃતકના પત્ની મનિષા ગોઠવાલે

જણાવ્યું હતું કે, ઈન્ડક્શન કંપનીની અંદર આ ઘટના બની હતી. મારા પતિને સાડાચાર વાગ્યાની આસપાસ ચક્કર આવ્યા હતા. દોઢ કલાક સુધી તેઓને કંપનીમાં જ રાખ્યા હતા અને સમયસર સારવાર ન મળતા તેમનું ત્યાં જ મોત થઈ ગયું હતું. કંપનીવાળાઓએ મારા પતિને ચા અને સફરજન ખવડાવ્યા હતા પણ તેમને ચક્કર આવે ત્યારે ડોક્ટરની જરૂર હતી. કંપનીની બેદરકારીને કારણે મારા પતિનું મોત થયું છે. મારે ત્રણ દીકરીઓ છે ઉપરાંત મારા ઘરમાં મારા પતિ એકમાત્ર કમાનાર વ્યક્તિ હતા. કંપનીવાળા કઈ મદદ કરવા તૈયાર નથી અને તમારા પતિ અમારા કર્મચારી નહોતા. જેથી પરિવારે ન્યાન ની માંગણી કરી છે.

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પોલીસની બાજ નજર રહેશે

# આજે ભગવાન નરસિંહજીનો ઐતિહાસિક વરઘોડો : પોલીસ ફોર્સ તૈનાત રહેશે



**જેસીપી,** 6 ડીસીપી, 9 એસીપી, 50 થી વધુ પીઆઈ, 1 હજારથી વધુ પોલીસ અધિકારીઓ કર્મચારીઓ, 500 થી વધુ હોમગાર્ડ અને ખાસ ફોર્સની કંપની બંદોબસ્તમાં જોડાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેરમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ દેવ દિવાળીના દિવસે બુધવારે ભગવાન નરસિંહજીનો વરઘોડો નીકળશે. જેને લઈ પોલીસ વિભાગ એક્શનમાં આવ્યું છે. વરઘોડા પૂર્વે શહેર પોલીસ વિભાગ દ્વારા પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં વરઘોડાના રૂટ ઉપર પોલીસ કાફલા સાથે રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં ડીસીપી, એસીપી, પીઆઈ, પોલીસ કર્મચારીઓ અને ખાસ કંપનીના જવાનો જોડાયા હતા.

વડોદરા શહેરમાં ભગવાન નરસિંહજીનો વરઘોડો યોજાનાર છે. જેને પગલે વડોદરા શહેર પોલીસ વિભાગ તરફથી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મંગળવારે પોલીસ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. આ અંગે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, પૂર્વ તૈયારીઓના ભાગરૂપે મંદિરના ટ્રસ્ટીઓ આયોજકો સમગ્ર રૂટ ઉપર આવતા કેટલાક સંવેદનશીલ વિસ્તારો અને ત્યાં રહેતા જન પ્રતિનિધિઓ અને સ્થાનિક રહીશો કોમ્યુનિટી લીડર્સ અને સ્વયંસેવકો સાથે પણ ડિટેલ ડિસ્કશનનો કાર્યક્રમ એક અઠવાડિયાથી ચાલુ રહ્યો છે. રિહર્સલ દરમિયાન સમગ્ર રૂટનું ફરીથી નિરીક્ષણ કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં ડોમિનેશન, ધાબા પોઈન્ટ છે. એમનું પણ નિરીક્ષણ, આ પ્રકારની એક એક્સરસાઈઝ કરીને મંદિરથી તુલસીવાડી અને તુલસીવાડીથી પરત આવનાર આ કાર્યક્રમના અનુસંધાને સુરક્ષા વ્યવસ્થાને એક થેંક્યુલ કરીને આવતીકાલે ડીપ્લોઈડ કરવાના છે. સાંજે જ્યારે વરઘોડો નીકળશે. ત્યાંથી માંડીને મોડી રાત તુલસીવાડી પહોંચે અને તે પછી પરત મંદિરમાં પ્રસ્થાન કરે આ પ્રકારનું એક ધાર્મિક શ્રદ્ધા ભક્તિ સાથે ઉજવતા તહેવારને આપણે એક શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસે કસરત કરી છે.

આયોજકો સાથે સાથ સંકલન કોમ્યુનિટી લીડર સાથે ઈન્ટ્રોડક્શન અને કેટલાક એન્ટી સોશિયલ એલિમેન્ટ ક્રિમિનલ અને પોટેશિઅલ ડિસિપ્લિન એલિમેન્ટ સામે કાર્યવાહી અને પ્રિવેન્ટીવ એક્શન અને આપણા જે ફિક્સ પોઈન્ટ, મોબાઈલ પોઈન્ટ આ પ્રકારનું ડિપ્લોયમેન્ટ અને ખાસ કરીને મોટી સંખ્યામાં એક આખી કંપની આ બંદોબસ્ત માટે તહેનાત રહેશે. એડિશનલ સીપી, 6 ડીસીપી, 9 એસીપી અને 50થી વધારે ઈન્સ્પેક્ટરો અને 1,000 થી વધારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ અને 500થી વધુ હોમગાર્ડના માણસો પણ આ કાર્યક્રમમાં સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત રહેશે. સુરક્ષાને ધ્યાને રાખીને સીસીટીવી કેમેરા, બોડી કેમેરા, ડ્રોન કેમેરાથી આખા વિસ્તારનું સ્ક્રીનિંગ, કેટલીક પ્રવૃત્તિઓ ઉપર આપણી ખાસ નજર અને વિઝ્યુઅલ વીડિયો એનાલિટિક્સના માધ્યમથી આપણે કેટલાક રોડ ઉપર ખાસ નજર આ પ્રકારનું એક એક્સરસાઈઝ કરી રહ્યા છે, સાથે સાથે ધાર્મિક તહેવાર છે. શ્રદ્ધાની ભક્તિની આ ઉજવણી કોઈ વિઘ્ન અસંતોષી માણસો બગાડી ન શકે તે માટે, આપણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પણ નજર છે. અગાઉમાં કોઈપણ પ્રકારની ઈન્સિડન્સમાં ઈન્વોલ્ડ એલિમેન્ટ આવા તત્વો પર પણ પોલીસની બાજુ નજર રહેશે. તો મને વિશ્વાસ છે કે આ યોજનારા કાર્યક્રમ એક શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સંપન્ન થશે તેઓ મને વિશ્વાસ છે. દર વર્ષે 3.5 km નો જે રૂટનો સમાવેશ થાય છે. જેને ધ્યાનમાં રાખીને ડાયવર્ઝન પ્લાન ટ્રાફિક માટેનો તૈયાર છે. જાહેરનામું બહાર પાડીને કેટલાક વિસ્તારમાં આપણે ડાઈવર્ઝન એન્ટ્રી એક્ઝિટને રેગ્યુલેટ કરવાનો પ્લાન છે. એ એનાઉન્સમેન્ટ કરી ચૂક્યા છે, તો શહેરીજનોને અપીલ છે કે, જ્યારે ભગવાન નરસિંહજીનો વરઘોડો નીકળશે. ત્યારે પોલીસ સાથે તમે એમના સહકાર આપો. જે જાહેરનામા મુજબ એન્ટ્રી એક્ઝિટમાં જે નિયમો અને આદેશો છે. એનું પાલન કરો અને રૂટ ઉપર આવતા એવોર્ડ કરો અને કોઈ મેડિકલ કે ફાયર ઈમર્જન્સી કે અન્ય ઈમરજન્સી માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો સંપર્ક કરો. પોલીસ તમારા માટે મદદમાં આવશે. મહત્વપૂર્ણ ધાર્મિક તહેવાર સારી રીતે સંપન્ન થાય તે રીતે દરેક નગરવાસી સાથ સહકાર આપે.

# વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક વિસ્તારોમાં સવારે સામાન્ય વરસાદ

**9 થી 10** નવેમ્બરમાં હળવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતાઓ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેરમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન લોકોને ઘરોમાં ગરમીનો અનુભવ થયો હતો. જોકે, વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડીની અસર વર્તાઈ રહી છે. જ્યારે આગામી 9 થી 10 નવેમ્બરમાં હળવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતાઓ છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તે પછીના 24 કલાકમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. વેધર મેપ પ્રમાણે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી હતી. હવે અરબી સમુદ્રમાં સક્રિય ડિપ્રેશન નબળું પડી ગયું છે.

ધીમે ધીમે રાહત મળતી જશે અને શિયાળુ પાક માટે હવામાન સાનુકૂળ બનતું જશે. 5 થી 8 નવેમ્બરમાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતાઓ રહેશે. 9 થી 10 નવેમ્બરમાં હળવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતાઓ છે. જેના કારણે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેશે. 18 થી 20 નવેમ્બરમાં સક્રિય થવાની શક્યતાઓ રહેશે. જેની અસરના કારણે દક્ષિણ ભારતમાં વરસાદ થવાની શક્યતાઓ રહેશે. 23 થી 26 નવેમ્બરમાં ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેશે અને માવઠા જેવું વાતાવરણ બની શકે છે.

### NH-48 પર ફરી 'ટ્રાફિક-ગ્રહણ'! વાહનચાલકો કલાકો સુધી અટવાયા

# વડોદરા-કરજણ નેશનલ હાઈવે 48 પર પોર પાસે 10 કિમી લાંબો જામ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા-કરજણ વચ્ચેનો નેશનલ હાઈવે નંબર 48 ફરી એકવાર વાહનચાલકો માટે માથાનો દુખાવો બન્યો છે. પોર ગામ નજીક હાઈવે પર આજે ટ્રાફિક જામના વિકરાળ દ્રશ્યો સર્જાયા હતા, જેના કારણે અંદાજિત 5 થી 10 કિલોમીટર જેટલો લાંબો વાહનોનો કાફલો અટવાઈ ગયો હતો.

મુંબઈ-અમદાવાદને જોડતા આ અતિ વ્યસ્ત હાઈવે પર ટ્રાફિક જામની આ ઘટનાથી હજારો મુસાફરો અને માલવાહક વાહનોના ડ્રાઈવરોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

સૂત્રો અને સ્થાનિક લોકોના મતે, આ લાંબા ટ્રાફિક જામ પાછળના મુખ્ય કારણ સાંકડા બ્રિજ પોર, જાંબુઆ અને બામણગામ નજીકના કેટલાક બ્રિજનું બાંધકામ માર્ગની પહોળાઈ કરતાં ઓછા



હોવાથી વાહનોની ગતિ અચાનક ધીમી પડી જાય છે, જે મોટા જામનું મુખ્ય કારણ બને છે.

વરસાદને કારણે પડેલા ખાડા અને રસ્તાનું બિસ્માર લેવલ પણ વાહનોની ગતિ ઘટાડી દે છે. તહેવારની મોસમ હોય કે સામાન્ય દિવસ, આ હાઈવે પર ભારે ટ્રક અને ટ્રાન્સપોર્ટ ટ્રાફિકનું ભારણ સતત રહે છે. આશરે 5 થી 10 કિલોમીટર લાંબા ટ્રાફિક જામના કારણે વાહનોની કતારો લાગી ગઈ હતી, જેના પગલે ઘણા વાહનચાલકોને કલાકો સુધી પોતાના વાહનોમાં અટવાઈ રહેવું પડ્યું હતું.નોકરી-ધંધા પર જતા લોકો અને મુસાફરો નિર્ધારિત સમય કરતાં ઘણા મોડા પડ્યા હતા. પેટ્રોલ-ડીઝલનો મોટો બગાડ થયો હતો.

સ્થાનિકોમાં આ રોજબરોજની સમસ્યાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકોની માંગ છે કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને સ્થાનિક વહીવટી તંત્ર આ કાયમી સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવે. જોકે, અધિકારીઓ તરફથી બ્રિજનું વિસ્તરણ કાર્ય પ્રગતિમાં હોવાનું જણાવવામાં આવે છે, પરંતુ હાલની પરિસ્થિતિમાં કોઈ ખાસ રાહત જોવા મળી રહી નથી.

### MSUના પદવીદાન સમારોહની તડામાર તૈયારીઓ શરૂ

# ગેસ્ટ ઓફ ઓનર તરીકે શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન ઉપસ્થિત રહેશે

**વિદ્યાર્થીઓ** અને વાલીઓ માટે પાર્કિંગ વ્યવસ્થા ફતેગંજ NCC તરફથી રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

મહારાજા સયાજીરાવ યુનિર્વસીટીનો 74 મો પદવીદાન સમારોહ આગામી તા.8 નવેમ્બર શનીવાર ના રોજ યોજાશે. જેમાં આ વખતે રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત ચીફ ગેસ્ટની સાથે રાજ્યના નવ નિયુક્ત શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાંજા ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેશે.

મહારાજા સયાજીરાવ યુનિર્વસીટીનો 74મો પદવીદાન સમારોહ શનિવારે સવારે 11 કલાકે કમલા રમણ વાટિકા યુનિવર્સીટીની હેડ ઓફિસની પાછળ યોજાશે. જેમાં ચીફ ચિફ ગેસ્ટમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહેશે અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે



ગુજરાત રાજ્યના નવ નિયુક્ત શીક્ષણ મંત્રી ડો. પ્રધ્યુમન વાંજા મંચ શોભાવશે. એમ.એસ.યુનિવર્સીટીમાં આ વખતે તમામ ફેકલ્ટીઓના મળીને કુલ 15031 વિદ્યાર્થીઓ ડીગ્રી મેળવશે. જેમાં 8243 વિદ્યાર્થિની અને 6788 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જ્યારે, આ વખતે ગોલ્ડ મેડલ મેળવનાર કુલ 229 વિધ્યાર્થીઓના રજીસ્ટ્રેશન પ્રોસેસ સવારે 9 કલાક થી શરૂ થશે. ડીગ્રી મેળવનાર તમામ વિધ્યાર્થીઓ અને વાલીઓ માટે પાર્કિગ વ્યવસ્થા ફતેગંજ,એન સી.સી કેમ્પસ તરફથી રહેશે.

### વરસાદ રોકાઈ ગયા બાદ આવકમાં વધારો થશે તો ભાવમાં ઘટાડો થશે

# શહેર કમોસમી વરસાદથી શાકભાજીની આવકમાં નોંધપાત્ર ઘટાડો : ભાવમાં વધારો થવાની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેર અને જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના હાલ બેહાલ થયા છે. બીજી તરફ શાકભાજીની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે ખેડૂતો બાદ હવે વેપારીઓ અને નાગરિકો પર પણ કમોસમી વરસાદની અસર વર્તાઈ છે.

વડોદરા શહેર જિલ્લામાં કમોસમી વરસાદને પગલે શાકભાજી આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. શાકભાજીની આવક ઓછી થવાને કારણે શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટમાં દરરોજની ગ્રાહકોની સંખ્યા પણ ઘટી રહી છે. જેના કારણે શાકભાજીના વેચાણમાં ઘટાડો થયો છે અને વેપારીઓ ચિંતિત જોવા મળ્યા છે. નાગરિકોએ પણ વેદના વ્યક્ત કરી છે



કે દરરોજની જરૂરિયાતની શાકભાજી હવે ખિસ્સા પર ભાર પાડી રહી છે. કમોસમી વરસાદના કારણે માત્ર ખેડૂતો જ નહીં પરંતુ શાકભાજીના વેપારીઓ અને નાગરિકો પર પણ આર્થિક અસર જોવા મળી છે.

વેપારી નીતિનભાઈએ જણાવ્યું હતું કે, વરસાદના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે. વટાણા 240 રૂપિયા, તુવેર 60 રૂપિયા કિલો, રીંગણા 80 રૂપિયા, સરગવો 200 રૂપિયા કિલો થઈ ગયો છે. વરસાદના કારણે આ ભાવમાં ફેર બદલ જોવા મળી છે. વરસાદ બંધ થઈ ગયો છે, પણ આવક ઓછી થઈ ગઈ છે. જો આવક ડબલ ચાલુ થઈ જાય તો ભાવ અડધો થઈ જાય ભાવ વધવાના કારણે સાધારણ ઘરાકીમાં ફરક આવ્યો છે.

### મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત બાદ કામગીરીનો પ્રારંભ કરાયો

# ભૂખી કાંસ રી-રૂટનું કામ શરૂ : 39.50 કરોડના ખર્ચથી 5 માસમાં પૂર્ણ કરવાની યોજના

**અનેક** વિવાદ બાદ મંજૂર થયેલા ભૂખી કાંસ પ્રોજેક્ટની અંતે શરૂઆત થઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરામાં વિસ્મામિત્રી પ્રોજેક્ટ હેઠળ ભૂખી કાંસને રી-રૂટ અને ડાયવર્ટ કરવાની લાંબા સમયથી અટકેલી યોજના હવે અમલમાં આવી છે. એપ્રિલ માસમાં પાલિકાની બેઠકમાં મેયરની અધ્યક્ષસ્થાને આ પ્રોજેક્ટને લઈને ચર્ચા થઈ હતી. જેમાં સાંસદ ડૉ. હેમાંગ જોશી, કોર્પોરેશનના અધિકારીઓ અને અનેક કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વોર્ડ નં. 1ના કોંગ્રેસના કાઉન્સિલરો અમીબેન રાવત, પુષ્પાબેન વાઘેલા, જહાં દેસાઈ અને હરીશ પટેલે આ કામનો ઉગ્ર વિરોધ કર્યો હતો. તેમ





છતાં અંતે પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. મંજૂરી મળ્યા બાદ પણ કામની શરૂઆતમાં ત્રણ મહિનાથી વધુ વિલંબ થયો હતો. તે સમયે કોંગ્રેસ કાઉન્સિલરોએ આ કામ રોકાવવા માટે જાહેર આંદોલન તેમજ કોર્ટનો માર્ગ અપનાવવાની ચીમકી ઉચ્ચારી હતી. કોંગ્રેસ કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ હાઈકોર્ટમાં રિટ પણ દાખલ કરી હતી. જેના પગલે જૂનના મધ્ય ભાગમાં પાલિકાને કામ અટકાવવાની લીગલ નોટીસ પણ મળી હતી. જો કે, જુલાઈના પ્રથમ સપ્તાહમાં જ તેમણે રિટ પાછી ખેંચી લીધી હતી. ત્યારબાદ NGTમાં જવાની વાતો થઈ હતી, પરંતુ કોઈ આગળની કાર્યવાહી થઈ ન હતી.

હવે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે અને પાલિકાએ સર્વે સહિતની કામગીરી શરૂ કરી છે. પ્રોજેક્ટના અંતર્ગત 39.50 કરોડના અંદાજિત ખર્ચે કામ હાથ ધરવામાં આવ્યું છે અને 5 માસની સમય મર્યાદામાં પૂરું કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યું છે. કામ બે તબક્કામાં થશે. પ્રથમ તબક્કામાં કેનાલથી છાણી જકાતનાકા સુધી અને બીજા તબક્કામાં છાણી જકાતનાકા સર્કલથી નિઝામપુરા મુક્તિધામ સુધી રી-રૂટનું કામ હાથ ધરાશે. પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ હવે તમામ ટેક્નિકલ પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે અને સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તે માટે પ્રયાસો શરૂ થઈ ગયા છે.ભૂખી કાંસ રી-રૂટની આ યોજના વોર્ડ 1 અને 2 માં ચોમાસામાં પાણી ભરાવવાની સમસ્યા ન થાય તે માટે કરવામાં આવી રહ્યું છે.